# <u>શું આપ આ તક ચૂકી ગયા?</u>

Indian Plastics Institute

GSPMA અને IPI અમદાવાદ ચેપ્ટરના સંયુક્ત ઉપક્રમે તા. 09.06.2023ના રોજ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.  જેમાં 110 ઉપરાંત સભ્યોએ હાજર રહી લાભ લીધો.




જેમાં PWM Rules– EPR વિષય પર વિસ્તૃત ચર્ચા કરતાં ધી શક્તિ પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝ ના EPR એડવાઇઝર શ્રી આનંદ પાધ્યા એ EPR ની જરૂરિયાત, અને દેશભર માં તેના વિષયે ઊભા થતાં માનસિક વલણ વિષે ચર્ચા કરી.  સાથે જ તેની પાછળ રહેલ વૈશ્વિક દ્રષ્ટિકોણ અને તેના અમલીકરણ સમયે જનમાનસ વિષયે પણ ચર્ચા કરી. સૌને સાથે મળી પ્લાસ્ટિકના યોગ્ય નિકાલની વ્યવસ્થામાં જોડાવા અનુરોધ કર્યો. જ્યારે તેમના BDM સસ્ટેનેબિલિટી શ્રી અનિકેત ગવાસે EPRની આખીય પ્રક્રિયા વીષે વિસ્તૃત છણાવટ સાથે સૌને માહિતગાર કર્યા.  લોકોએ પૂછેલ પ્રશ્નોના પણ વિસ્તૃત જવાબો આપ્યા હતા.







જ્યારે ડો. પ્રદીપ બક્ષીએ Six Sigma વિષયે તેને વ્યવહારમાં અમલ કરવા માટેના જરૂરી તમામ પાસાઓની વિસ્તૃત ચર્ચા કરી હતી. જેને સૌએ રસપૂર્વક સાંભળી તેના અમલના ફાયદા વિષે પણ માહિતી મેળવી હતી.







શ્રી બી. આર. ફડનીસે પ્લાસ્ટિકમાં વિવિધ પ્રકારના ટેસ્ટિંગ અને તેને કરવા માટે વપરાતા વિશેષ સાધનો અને તેના ટેસ્ટ રિપોર્ટ વિષયક સવિસ્તાર માહિતી આપેલ જેને સૌ હાજર સભ્યોએ રસપૂર્વક ગ્રહણ કરેલ.





આગામી ઓગસ્ટ 2023માં હૈદરાબાદ ખાતે યોજાનાર HIPLEX પ્રદર્શન વિષયક માહિતી આપવા અને સ્ટોલ બુકિંગ કરાવનાર ને મળનાર વિશેષ લાભ વિષે વાત વિસ્તાર પૂર્વક વાતો કરી. આ રજૂઆતો માટે TAAPMAના પૂર્વ ચેરમેન શ્રી અનિલ રેડ્ડી વેન્નમ, તેમજ શ્રી અનિલ નાગદા અને માનદ મંત્રી શ્રી અરુણ લાહોટી વિશેષ રૂપે ખાસ પધારેલ. તેઓ એ સૌને નુતન હૈદરાબાદ ખાતે યોજાનાર HIPLEX પ્રદર્શનમાં ભાગ લેવા અને સાથે જ શહેરમાં થયેલ નવા બદલાવના સાક્ષી બનવા આવવા આમંત્રણ આપેલ.

GSPMA

Indian Plastics Institute





















સેમિનારનું સમાપન આભાર વિધિ અને રાષ્ટ્રગાન સાથે કરવામાં આવી હતી.

- * - * -